પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૪૩ | ૨૩ એપ્રિલ, ૨૦૨૩, રવિવાર; વૈશાખ સુદ - ૦૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

M.D.GROUP TUITION IELTS & SPOKEN ENGLISH
• Std.11-12 Maths - Phy - Chem - Bio • Std.11-12 Account - Statistics - Eco - B.A GROUP & P.T.
• Std. 6 to 10 Maths - Science - English & S.S. GSEB - CBSE - ICSE - IB
• Eng - Guj. Both Medium - 30 Years Exp. All Sub.expert Faculty. B.B.A. - B.C.A. - Engg. Maths
• Group Tuition Fees for Std. 6 to 10 Guj.Med : 18k,20k, 21k,25k,30k • And Eng.Med. fees 24k,25k, 30k,36k,40k
Std.10th batch will start on 17th April. Free Demo From 17th to 30th April. fees after 1st May 40,000/-
Personal Tuition Fees : 1 Lakh to 1.5 Lakh For Maths Guaranteed Batch for IELTS & Spoken English by expert faculty
Mo.9377128297,8849161449 Maths To M.D.SIR Nu J....
Branch: (1) F-3-4 Sarthak Fortune Mall, Nr. City Pulse, Urjanagar. (2) Kudasan (3) Plot No.353/1, Sec.2-B

# ગંગોત્રી-યમનોત્રીના કપાટ ખુલ્યા

**૧૫ લાખ લોકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે : હેલ્થ અને એમ્બ્યુલન્સ સેવા શરૂ કરાઈ : ઉત્તર પ્રદેશ ઉપરાંત ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને અન્ય રાજ્યોમાંથી શ્રદ્ધાળુઓ અહીં પહોંચશે. દર વર્ષે ચાર ધામની યાત્રા માટે ભારત અને વિદેશમાંથી ભક્તો આવે છે**



નવી દિલ્હી, તા.૨૨

અક્ષય તૃતીયાના શુભ પ્રસંગે આજથી ચારધામ યાત્રાના શ્રી ગણેશ થઈ ચૂક્યા છે. વિધિસર મંત્રોચ્ચાર પછી શનિવારથી ગંગોત્રી-યમનોત્રીના કપાટ ગ્રીષ્મકાળ માટે શ્રદ્ધાળુઓના દર્શનાર્થે ખોલી દેવામાં આવ્યા છે. ગંગોત્રીના કપાટ બપોરે ૧૨ વાગ્યાની આસપાસ અને યમુનોત્રીના કપાટ ૧૨:૪૦ની આસપાસ ખુલ્યા એવી માહિતી મળી રહી છે. અત્યારે શ્રદ્ધાળુઓની સુવિધા માટે હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે. ટૂરિઝન ડિપાર્ટમેન્ટ દ્વારા ચારધામ કંટ્રોમ રૂમ ૦૧૩૫-૨૫૫૯૮૯૮, ૨૫૫૬૨૭ તથા ચારધામ ટોલ ફ્રી નંબર ૦૧૩૫-૧૩૬૪, ૦૧૩૫-૩૫૨૦૧૦૦ જાહેર કરાયો છે. આના સિવાય મુશ્કેલીના સમયમાં કંટ્રોલ સેન્ટર ૦૧૩૫-૨૭૬૦૬૬ અને ટોલ ફ્રી નંબર ૧૦૭૦નો પણ ઉપયોગ કરી શકાશે. એટલું જ નહીં હેલ્થ અને એમ્બ્યુલન્સ સેવા ૧૦૪, ૧૦૮ પણ શરૂ કરી દેવામાં આવી છે. મંદિર સમિતિ તરફથી પ્રાપ્ત માહિતી અનુસાર, મા ગંગાની

● અનુસંધાન પાન-૭ પર

## કેનેડામાં તસ્કરો ૧૨૧ કરોડનું સોનું ભરેલું ટેન્કર ચોરી ગયા

નવી દિલ્હી, તા.૨૨

બોલીવૂડ તેમજ હોલીવૂડની ફિલ્મોમાં બતાડવામાં આવે છે તેવા ઝીણવટભર્યા પ્લાનિંગ સાથે કેનેડામાં થયેલી એક ચોરી ભારે ચર્ચાનો વિષય બની છે. તસ્કરોની ટોળકી ૧૨૧ કરોડ રૂપિયાનુ સોનુ ભરેલુ કન્ટેનર તફડાવીને રફૂચક્કર થઈ જતા આખા કેનેડાની સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ છે. અધિકારીઓનુ કહેવુ છે કે, ૧૭ એપ્રિલની રાત્રે એક કન્ટેનર ટોરન્ટોના પિયરસન એરપોર્ટ

● અનુસંધાન પાન-૭ પર

## મોદીની કોચ્ચિ મુલાકાત દરમિયાન આત્મઘાતી હુમલાની ધમકી મળી

નવી દિલ્હી, તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેરળની મુલાકાત પહેલા ધમકીભર્યો પત્ર મળતા આખા કેરળમાં હાઈએલર્ટ જાહેર કરાયું છે. પત્ર મોકલનારે પીએમ૨૪ પ્રિલે મોદીની ૨૪ એપ્રિલે કોચ્ચિની મુલાકાત દરમિયાન આત્મઘાતી હુમલો કરવાની ધમકી આપી છે. આ પત્રમાં મોકલનારનું નામ અને સરનામું પણ લખ્યું હોવાથી પોલીસ ત્યાં પહોંચી ગઈ છે.

બીજી તરફ પત્ર પર લખેલા નામ-સરનામે પહોંચી તો તે વ્યક્તિ ડરી ગયો હતો અને તમામ

● અનુસંધાન પાન-૭ પર







